www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2022 MAINS PAPER 7 SEPTEMBER 25, 2022 GUJARATI OPTIONAL PAPER-II QUESTION PAPER

# પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed : **Three Hours*** | મહત્તમ ગુણ : **250**<br>*Maximum Marks : **250*** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :**

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો એક પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION A

**Q1.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) પહિલઉં સરસતિ અરચિસુ રચિસુ વસંતવિલાસુ,
વીણિ ધરઈ કરિ દાહિણિ વાહણિ હંસલઉ જાસુ. *10*

(b) એમ ભરમે ભટકે ઘણા ભવ વિષે, ગુરુ ગોવિંદના શરણે પાખે;
માયારૂપિણી મા જ વાહાલી અખા, તે જાણીને જનુની ભેદ રાખે. *10*

(c) અલકબહેન, હું તો તમારો ભાઈ થાઉં હો ! *10*

(d) રફી જરા ફરી પાછો છૂટો થયો શરીરથી :
પ્રિયે ! સ્પર્શ કરું શું હું ? અધિકાર જરા નથી ! *10*

(e) પૂછો ચાહિ ચકોરને, પૂછો જળચર કાય,
કાંતો પૂછો કમળને, સ્નેહિ ગયે શું થાય ? *10*

**Q2.** નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.

(a) 'સુદામાચરિત'માં પ્રગટ થતી પ્રેમાનંદની આખ્યાનકલા. *20*

(b) 'મારી હકીકત'માં નર્મદની સત્યનિષ્ઠા અને નિખાલસતા. *15*

(c) ભાલણ કૃત 'કાંદબરી'માં અભિવ્યક્તિકલા. *15*

**Q3.** સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.

(a) કવિ કાન્ત કૃત 'પૂર્વાલાપ'માં આવતું જીવનરહસ્ય-જીવનદર્શન. *20*

(b) 'વસંતવિલાસ' – મધ્યકાલીન ફાગુસાહિત્યમાં સર્વશ્રેષ્ઠ કલાકૃતિ. *15*

(c) 'અખેગીતા'માં અખાએ કરેલ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો સમન્વય. *15*

**Q4.** નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.

(a) 'સરસ્વતીચંદ્ર : ભાગ-1'માં સર્જનાત્મક ઉન્મેષો. *20*

(b) 'ચંદ્રચંદ્રાવતી' પદ્યવાર્તામાં રોમાંચક કથાઘટકો. *15*

(c) 'રાઈનો પર્વત' એ જૂના ભવાઈવેશના એક કથાનકનો રસિક વિસ્તાર તરીકે. *15*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION B

**Q5.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *10×5=50*

(a) બ્રહ્મચર્ય એ મહાવ્રત છે અને તે વિના મનની ગાંઠ સજ્જડ થનાર નથી. *10*

(b) જગતમાં ભૂંડામાં ભૂંડુ જો કાંઈ હોય તો એક આ ભૂખ છે. *10*

(c) ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચાએ નહિ શોર. *10*

(d) કાન જો આંખ હોય તો શબ્દ એને પ્રકાશ લાગે. *10*

(e) 'મુંજાલ અડગ છે, તે તૂટશે પણ વળશે નહીં.' *10*

**Q6.** સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.

(a) 'હિંદ સ્વરાજ'માં વ્યક્તથયેલ વિચારોની આજના સંદર્ભે પ્રસ્તુતતા. *20*

(b) 'પાટણની પ્રભુતા' માણવા જેવી ઐતિહાસિક રંજનકથા તરીકે. *15*

(c) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-1'એ તળધરતીનાં માનવીઓના ગહન આંતરપ્રવાહોની કથા તરીકે. *15*

**Q7.** નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.

(a) 'માનવીની ભવાઈ'નો જાનપદી પરિવેશ. *20*

(b) 'ધ્વનિ'નાં પ્રણયકાવ્યો. *15*

(c) 'કાવ્યની શક્તિ'માં નિરૂપિત કાવ્યવિચારણા. *15*

**Q8.** સમીક્ષાત્મક નોંધ લખો.

(a) 'સપ્તપદી'માં પ્રગટતા કવિત્વના ઉન્મેષો. *20*

(b) 'જનાન્તિકે'નું ગદ્ય. *15*

(c) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-1' માં સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ. *15*

www.prepp.in
Prepp
Your Personal Exams Guide